# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Email-suratdeo@gmail.com

જા.નં:મા-૧/૨૦૨૪/ 4718 તા.15/૦૪/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ. સુરત.

**વિષય:** જાહેર પરીક્ષાના આયોજન અંગે પૂર્વમંજુરી બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા લેવાતી તથા સરકારશ્રીની વિવિધ પરીક્ષા એજન્સી દ્વારા લેવાતી જાહેર પરીક્ષાનું આયોજન જિલ્લાકક્ષાએ અત્રેની કચેરી દ્વારા કરવામાં આવતું હોય છે. જેથી સદર પરીક્ષાના આયોજનમાં બ્લોક-બિલ્ડીંગ તથા તેના આનુષંગિક સમગ્ર વ્યવસ્થા અંગેનું આયોજન કરવાની જવાબદારી અત્રેની કચેરીની હોય છે. આથી સર્વે આચાર્યશ્રીને જણાવવાનું કે આવી કોઈપણ જાહેર પરીક્ષાનું આયોજન બરોબાર ન કરતા પહેલા અત્રેની કચેરીને જાણ કરવી ત્યારબાદ જ બ્લોક-બિલ્ડીંગ ફાળવવાની કાર્યવાહી કરવી. જેથી આવી પરીક્ષાઓમાં કોઈ અવ્યવસ્થા ન સર્જાય અને એક જ દિવસે એક જ કેન્દ્રમાં બે પરીક્ષાનું આયોજન ન થાય તેની તકેદારી રાખી શકાય અને આગોતરું આયોજન થઇ શકે. સદર સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગેની જવાદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત